## ચૂંટણી ચોતરેથી

● રાજયમાં પ્રથમ તબકકાની ૮૯ બેઠકો પર ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે.

● ભાજપ અને કોંગ્રેસ બંને રાજકીય પક્ષોમાં અસંતોષની આગ યથાવત રહી હતી બંને પક્ષોમાં દેખાવો અને રાજીનામાનો દોર અવિરત રહ્યો હતો.

● મોરબીમાં ભાજપના ત્રણ ઉમેદવારોએ અને રાજકોટ ગ્રામ્યમાં કોંગ્રેસના બે ઉમેદવારોએ ફોર્મ ભરતા ભારે અસમંજસની સ્થિતિ સર્જાઈહતી.

● મુખ્યમંત્રીએ ઉમેદવારી પત્રમાં દર્શાવ્યા મુજબ તેમની મિલ્કત ૭ કરોડ ૪૭ લાખની છે.

● પાસની વિરાટ રેલી ૯મીએ રાજકોટમાં યોજાશે.

● સુરત શહેર કોંગ્રેસમાં અસંતોષના પગલે શહેર પ્રમુખ સહિત સંખ્યાબંધ કાર્યકરોએ રાજીનામાની ધમકી આપી.

● આમ આદમી પાર્ટીએ વધુ ૧૩ ઉમેદવારોના નામ જાહેર કરતા હવે ૩૩ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

● જામનગર (ગ્રામ્ય)ના કોંગ્રેસના ઉમેદવાર વલ્લભ ધારવીયા સામે ઉગ્ર રોષ જોવા મળ્યો છે.

● હળવદના પાસના કાર્યકરો ભાજપમાં જોડાયા.

● મહેમદાવાદ ભાજપમાં પણ ઉમેદવારની પસંદગી સામે ઉગ્ર રોષ જોવા મળ્યો છે.

● પ્રાંતિજ ભાજપના સેંકડો કાર્યકરોએ ઉમેદવાર પસંદગીના વિરોધમાં કમલમ જઈ ઉગ્ર રજુઆત કરી.

● પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ભાવનગર પૂર્વ વિધાનસભામાં વિભાવરીબેનના કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

● જન અધિકાર મંચના પ્રવિણ રામ આજે કેશોદમાં ઉમેદવારી નોંધાવશે.

● હાર્દિક પટેલે ટવીટર પર અટલબિહારી બાજપાઈની કાવ્ય પંકિતઓ મુકી પાસમાં મતભેદોનો સંકેત આપ્યો હતો.

● ખંભાત ભાજપના હોદેદારોએ ઉમેદવાર સામે ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

# અમદાવાદમાં ૨૪મીએ રાહુલ ગાંધીનો રોડ શો

અમદાવાદ,તા.૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ભાજપ સામે જોરદાર અને પ્રચંડ જોશથી લડવાનું કોંગ્રેસે મન બનાવ્યું છે અને તેના માટે પોતાના સ્ટાર પ્રચારકો થકી ગુજરાતમાં કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરવાની જબરદસ્ત કવાયત હાથ ધરી છે. જેમાં આ વખતે કોંગ્રેસે મુખ્ય સુકાન રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ સંભાળ્યું છે.

સમગ્ર ગુજરાતનો ચૂંટણી પ્રવાસ ખેડયા બાદ હવે રાહુલ ગાંધી ચૂંટણીની ખાસ વ્યૂહરચનાના ભાગરૂપે તા.૨૪મી નવેમ્બરના રોજ ફરી ગુજરાતની મુલાકાતે આવવાના છે. આ વખતે તેમની મુલાકાતનું મુખ્ય કેન્દ્ર સ્થાન અમદાવાદ હશે




અને અહીં શહેરમાં તેમનો ભવ્ય અને વિશાળ રોડ શો પણ યોજાય તેવી પણ શકયતા છે. આ માટે કોંગ્રેસ તડામાર તૈયારીઓ પણ હાથ ધરી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના પ્રચાર-પ્રસાર માટે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતના મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર ઝોનમાં ચૂંટણી પ્રવાસ ખેડી જાહેરસભાઓ, લોકસંવાદ અને વન ટુ વન લોકોને મળી કોંગ્રેસ તરફી ભારે લોકજુવાળ ઉભો કર્યો હતો.

આ વખતના રાહુલ ગાંધીના ચૂંટણી પ્રવાસને અભૂતપૂર્વ અને જબરદસ્ત પ્રતિસાદ અને સફળતા સાંપડયા હતા, તે તેમની જાહેરસભા અને રોડ શોમાં સ્વયંભુ ઉમટેલી જનમેદની પરથી જ સ્પષ્ટ થઈ જતું હતું. જેથી કોંગ્રેસે રાહુલ ગાંધીની વધતી જતી લોકપ્રિયતા અને ગુજરાતમાં તેમના પ્રચારની સફળતા બાદ હજુ વધુ એક વખત તેમને ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ લાવવાનું આયોજન ચાલી રહ્યું છે. સંભવતઃ રાહુલ ગાંધી



તા.૨૪મી નવેમ્બરના રોજ અમદાવાદની મુલાકાતે આવશે અને અહીં શહેરમાં ભવ્ય અને વિશાળ રોડ શો યોજી લોકો સાથે સીધો સંવાદ કરશે.

અમદાવાદની મુલાકાત દરમ્યાન રાહુલ ગાંધી આ વખતે પણ નોટબંધી, જીએસટી ઉપરાંત ગુજરાતમાં શિક્ષણ, બેરોજગારી, મહિલાઓ, ખેડૂતો સહિતના મુદ્દાઓને લઈ મોદી સરકાર અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરે તેવી પૂરી શકયતા છે. રાહુલ ગાંધી તેમની મુલાકાત દરમ્યાન સાણંદમાં દલિતોના એક કાર્યક્રમમાં પણ હાજરી આપે તેવી શકયતા છે. રાહુલ છેલ્લી ઘડીયે કોઈ ફેરફાર ના થાય તો પોરબંદરની પણ મુલાકાત લે તેવી શકયતા સેવાઈ રહી છે. હાલ તો ગુજરાતના કોંગ્રેસના સ્થાનિક આગેવાનો અને નેતાઓ તેમની ગુજરાત મુલાકાતને લઈ વ્યસ્ત બન્યા છે.

## ગુજરાતમાં એનસીપી એકલા હાથે ચૂંટણી લડશે : પ્રફુલ્લ પટેલ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ ગુજરાતમાં રાજકારણના નવા નવા સમીકરણો સામે આવી રહ્યા છે. ગુજરાતમાં જ્યાં એક તરફ પહેલા કોંગ્રેસ એનસીપી સાથે લડવાની વાતો કરી રહી હતી ત્યાં જ આજે એનસીપીના વરિષ્ઠ નેતા પ્રફુલ્લ પટેલે આ મામલે રદિયો આપ્યો છે. આ ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણી એનસીપી કોંગ્રેસ સાથે નહીં લડે. વધુમાં તેમણે જણાવ્યું કે ગુજરાતમાં કોંગ્રેસ સાથે જોડાણ કરવા માટે શરૂઆતમાં કોંગ્રેસ વાતચીત થઈ હતી. પણ તે એનસીપીને લઈને ગંભીર નથી. અને આજ કારણે જોડાણની વાતોનો વધુને વધુ મોડું થઈ રહ્યું છે. અને આ જ કારણ છે કે આ વખતની ગુજરાત વિધાનસભાની ચૂંટણી અમે એકલા જ લડવાનું વિચારીએ છીએ.

**રાહુલ ગાંધીએ અમારી સાથે બેઠકો શા માટે કરી ?**

અમદાવાદમાં પત્રકાર પરિષદ સંબોધતા પ્રફુલ્લ પટેલે જણાવ્યું હતું કે, આ ચૂંટણીમાં એનસીપીના ૧૦૦ ઉમેદવારો ચૂંટણી લડશે. એનસીપી છેલ્લા બે અઠવાડિયાથી કોંગ્રેસ સાથે




બેઠક કરી રહ્યું છે અને આમ છતાં કોંગ્રેસની પ્રથમ યાદીમાં એનસીપીને અન્યાય થયો હોવાનું જણાઈ રહ્યું છે. કોંગ્રેસ ગઠબંધનના ધર્મની વિરુદ્ધનું કામ કરી રહી છે. અમારી સાથે જોડાણ નહોતું કરવું તો રાહુલ ગાંધીએ અમારી સાથે બેઠકો શા માટે કરી? અમે આવતીકાલે પ્રથમ યાદી જાહેર કરીશું અને આ યાદી ૧૦૦થી વધીને ૧૨૦ કે ૧૫૦ની પણ થઈ શકે છે.

**એકલા હાથે લડીશું ચૂંટણી**

સાથે જ એનસીપીના પ્રફુલ્લ પટેલે જણાવ્યું કે તેમને વિશ્વાસ છે કે એકલા હાથ પણ કોંગ્રેસ વગર ગુજરાતમાં એનસીપી સારી એવી લડત આપશે. આમ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ જ્યાં એક બાજુ પાસ અને પાટીદારોને ખુશ કરવા ગઈ ત્યાં તેને જૂની પાર્ટી એનસીપીએ તેનો સાથ છોડી એકલી ચૂંટણી લડવાની તૈયારી બતાવી છે. અને હાલની પરિસ્થિતિ જોતા કોંગ્રેસ અને પાસ વચ્ચે પણ ખટરાગ વધ્યો છે તે જોતા કોંગ્રેસની હાલત બાવાના બેય બગડ્યા જેવી થઈ છે. પ્રફુલ્લ પટેલે નવેમ્બર મહિનાની શરૂઆતમાં જ ગુજરાતમાં પાસ કન્વીનર હાર્દિક પટેલ સાથે પણ મુલાકાત કરી હતી અને ત્યારે એનસીપી અને પાટીદાર ગઠબંધનની વાતો પણ વહેતી થઈ હતી.

## ભાજપ વિકાસ અને સ્થિરતાનું પ્રતિક : અરુણ જેટલી

અમદાવાદ, તા. ૨૦

કેન્દ્રીય મંત્રી અને ગુજરાત વિધાનસભા ચૂંટણીના ચૂંટણી પ્રભારી અરુણ જેટલીએ ભાજપ મિડિયા સેન્ટર ખાતે પત્રકાર મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કાની ચૂંટણીમાં આજે ભાજપના ૪૮ ઉમેદવારોએ પોતાની ઉમેદવારીપત્રો રજૂ કર્યા છે. આજે જે ઉત્સાહ અને ઉમંગના વાતાવરણમાં ઉમેદવારી-પત્રકો ભરાયા છે ત્યારે એવો દ્રઢ વિશ્વાસ થઈ ગયો છે કે ભાજપ આ વખતે ગુજરાતમાં એક ઐતિહાસિક વિજય મેળવશે. જેટલીએ વધુમાં જણાવ્યું હતું કે, આજ સુધી વિશ્વામાં એવું ક્યારેય બન્યું નથી કે કોઈ પાર્ટીએ વિકાસનો વિરોધ કરી મજાક કરી હોય. કોંગ્રેસ નીતિઓ અને અભિયાન હંમેશા વિકાસ વિરોધી જ રહ્યા છે. ભાજપે ૨૨ વર્ષ સુધી સુશાસન કર્યું છે અને આવનારા વર્ષમાં પણ આ વિકાસની યાત્રાને અવિરતપણે આગળ વધારશે.

## ભાજપ-કોંગ્રેસમાં બબાલ વચ્ચે બાપુએ ૭૦ ઉમેદવારોને આદેશ આપ્યો

ગાંધીનગર, તા. ૨૦

હજી થોડા મહિના સુધી ગુજરાતના રાજકારણની ચર્ચા નિકળે ત્યારે કોઈ પણ રાજકારણી શંકરસિંહ વાઘેલાની અવગણના કરી શકે તેવી સ્થિતિ ન્હોતી, પણ આજે સ્થિતિ એવી નિર્માણ થઈ કે ગુજરાતના રાજકારણમાં શંકરસિંહ વાઘેલા અસ્તિત્વ નોંધ સુદ્ધા કોઈ લેતુ નથી. હમણાં સુધી જે શંકરસિંહ વાઘેલા મીડિયા માટે પણ મહત્વના હતા તેઓ પણ હવે તેમને ભુલી ગયા છે. ચૂંટણીના પહેલા તબક્કા માટે ભાજપ કોંગ્રેસ તેમના ઉમેદવારની યાદી જાહેર કરવાની બબાલમાં હતા, ત્યારે બાપુએ શનિવારના રોજ પોતાના ૭૦ જેટલાં ઉમેદવારને ચૂંટણી લડવાનો સત્તાવાર આદેશ મોકલી આપ્યો છે.



ભાજપ અને કોંગ્રેસ કોને ટિકિટ આપી રહ્યું છે. તેની બધા ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા, ત્યારે બંને પક્ષોના ટિકિટ વાંચ્છુઓ ટિકિટ લેવા માટે તમામ પ્રકારના દબાણ લાવી રહ્યા હતા, તેના કરતા વિપરિત બાપુના જનવિકલ્પની હતી, બાપુને ત્યાં ટિકિટ લેવા માટે કોઈએ દબાણ કરવાનું ન્હોતુ, કારણ બાપુ પોતાના જનવિકલ્પની ટિકિટ લેવા માટે કોઈ ઉમેદવાર આવે તેની રાહ જોઈ બેઠા હતા. બાપુ કેટલાં અને ક્યાંથી ઉમેદવાર ઉભા રાખશે તેની ઉત્સુકતા પત્રકારોને પણ ન્હોતી, જેના કારણે શનિવારના રોજ બાપુ દ્વારા પહેલા તબક્કાની ચૂંટણી માટે ૭૦ જેટલાં ઉમેદવારને ચૂંટણી લડવાનો આદેશ આપ્યો છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે બાપુની ૭૦ ઉમેદવારમાં બાપુ પાસે સમખાવા પુરતુ પણ એક મોટુ નામ નહી હોવાને કારણે બાપુએ ઉમેદવારોની યાદી જાહેર કર્યા વગર જ જે તે ઉમેદવારને ટ્રેક્ટરના નિશાન ઉપર ચૂંટણી લડવાનો આદેશ આપી દીધો છે. બાપુના આ ઉમેદવારમાં કોર્પોરેશનની ચૂંટણી હારી ગયા હોય તેવા ઉમેદવારને પોતાની પક્ષમાંથી વિધાનસભાની ચૂંટણી લડવા માટે ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા હોવાના દાખલા છે.

## વઢવાણની ટીકીટ નવ કરોડમાં ગઈ : રણજીતસિંહ ઝાલા

ગાંધીનગર, તા. ૨૦

વઢવાણ બેઠકની ટિકિટ મેળવનાર ધનજી પટેલે ભાજપને રૂ. ૯ કરોડ આપીને ટિકિટ મેળવી હોવાની વાત ભાજપના જ પૂર્વમંત્રીએ કરતા ચકચાર મચી ગઈ છે.

સુરેન્દ્રનગર ખાતે ગઈકાલે ભાજપનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ બેઠકમાં આ વખતે વઢવાણ સુરેન્દ્રનગરની સીટ પર વર્ષાબેન દોશીનું પત્તુ કપાઈને પાટીદાર ઉદ્યોગપતિ ધનજી પટેલને ટિકિટ મળવાનો મુદ્દો ચર્ચાની એરણે ચડ્યો હતો. વર્ષાબેન દોશી સામે સ્થાનિક વિરોધ હોવાના કારણે અને પાટીદારોનો રોષ ઠંડો ઓળવા તથા આઈ.કે. જાડેજાનું પત્તુ કાપવા આ બેઠક પર ભાજપે ઉદ્યોગપતિ અને વિધાનસભા ચૂંટણીના નવા નિશાળિયા એવા ધનજી પટેલને લડવા માટે મેદાને ઉતાર્યા છે પણ સ્નેહમિલન કાર્યક્રમમાં ભાજપના જ પૂર્વ કૃષિમંત્રી અને ઝાલાવાડના તાકાતવાર નેતા એવા રણજીતસિંહ ઝાલાએ પોતાના પ્રવચનમાં ભાજપના ઉચ્ચકક્ષાના નેતાઓને દોડતા કરી દીધા હતા. રણજીતસિંહે જણાવ્યું હતું કે, આ ટિકિટ લેવા માટે ધનજી ૫ કરોડ આપવા તૈયાર હતો. જે પાછળથી રૂ. ૯ કરોડ આપીને ટિકિટ લેવી પડી છે. રણજિતસિંહે વધુમાં એ પણ જણાવ્યું હતું કે ૫ કરોડ આપીને ટિકિટ લેવા કરતા એટલા રૂપિયા ફિક્સમાં મુકીને સમાજ સેવા કરવી સારી. જો કે આ મુદ્દે રણજીતસિંહ સાથે વાત કરવાનો પ્રયત્ન કરતા વાત થઈ શકી નહોતી. પરંતુ આ પ્રવચનનો વિડિયો વાઈરલ થતા સુરેન્દ્રનગર સહીત ભાજપના પ્રદેશ કક્ષાના નેતાઓની ઊંઘ ઉડી ગઈ છે.

## વિજય રૂપાણીએ વિજય મુર્હતમાં ઉમેદવારી નોંધાવી

### કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજયગુરૂએ વાજતે ગાજતે ઉમેદવારી નોંધાવી

વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે સૌરાષ્ટ્રભરમાં કોંગ્રેસ, ભાજપ અને અન્ય પક્ષો તથા અપક્ષ ઉમેદવારોએ પોતાના નામાંકનપત્ર ભર્યા હતાં. ગુજરાતનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જ્યાંથી ચૂંટણી લડી રહ્યાં છે એ ૬૯ રાજકોટ પશ્ચિમ બેઠક પરથી એમણે અને એમના સીધા પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર, વર્તમાન ધારાસભ્ય ઈન્દ્રનિલ રાજ્યગુરૂએ પણ ઉમેદવારી નોંધાવી હતી. બંને પક્ષે જોરદાર શક્તિ પ્રદર્શન થયુંહતું. ભાજપના ઉમેદવારી પત્ર ભરવાના કાર્યક્રમમાં કેન્દ્રીય નાણાંપ્રધાન અરૂણ જેટલી ઉપસ્થિત રહ્યાં હતાં. કોંગ્રેસે પણ અગાઉ ક્યારેય ન કર્યો હોય એવો દબદબો આજે ફોર્મ ભરતા પહેલાં કર્યો હતો. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજકોટની અન્ય ૩ બેઠક- ૬૮ રાજકોટ પૂર્વ, ૭૦ રાજકોટ દક્ષિણ અને ૭૧ રાજકોટ ગ્રામ્યના ઉમેદવારોએ શહેરના રેસકોર્સની સામે બહુમાળી ભવન પાસે આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કરી હતી. રાજકોટ-સૌરાષ્ટ્રના અનેક ધર્મસ્થાનોના સંતો, મહંતો, જૈન સાધુઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા અને વિજયભાઈ રૂપાણી તથા ભાજપને જીતના આશીર્વાદ આપ્યા હતા. ઉમેદવારીપત્ર ભરવા પહેલાની જાહેરસભા પૂર્વે વિજયભાઈ સ્વામિનારાયણ મંદિર, માંડવીચોક દેરાસર, મોટી હવેલી, રણછોડદાસજી બાપુના આશ્રમ સહિતના ધાર્મિક સ્થળો પર ગયાં હતા. લોકગીતો, ડીજે, રાસ ગરબા, ભાંગડાના કલાકારો



એમના સરઘસમાં જોડાયા હતા.

હજારો કાર્યકરોને કેન્દ્રીયપ્રધાન અરૂણ જેટલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉદબોધન કરી ભાજપને ૧૫૦ બેઠકો મળશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જૂની કલેક્ટર ઓફિસે જઈને ફોર્મ ભર્યું હતું. કોંગ્રેસના ઉમેદવાર, રાજકોટ પૂર્વના વર્તમાન ધારાસભ્ય અને મુખ્યપ્રધાન સામે ચૂંટણી લડવાનો પડકાર ઝીલનાર ઈન્દ્રનિલ રાજ્યગુરૂએ ફોર્મ ભરતા પહેલા તેમના નિવાસસ્થાને શિવજીની પૂજા કરી હતી. આ સમયે એમનો પરિવાર પણ સાથે રહ્યો હતો. આ સમયે ચિત્રલેખા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે રાજકોટ પશ્ચિમ બેઠકે અત્યાર સુધીમાં ગુજરાતના રાજકારણમાં બે મુખ્યપ્રધાન, એક નાણાંપ્રધાન સહિતના દિગ્ગજ નેતા આપ્યાં છે પણ રાજકોટનો વિકાસ હજુ અમદાવાદ અને વડોદરા જેટલો નથી થયો . આજ મુદ્દે હું ચૂટણી લડી રહ્યો છું. શિવજીના આશીર્વાદ મેળવ્યા બાદ રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ પર ઈન્દિરા સર્કલે ઈન્દિરાજીની પ્રતિમાને હારતોરા કર્યા હતા.

## પાલિતાણા પૂર્વ જિલ્લા મહામંત્રીનું રાજીનામું

અમદાવાદ, તા. ૨૦

ભાજપ દ્વારા આજે ૨૮ ઉમેદવારોના નામની ત્રીજી યાદી બહાર પાડવામા આવી હતી.આ યાદીમાં નામ ન હોવાના કારણે પૂર્વ જિલ્લા મહામંત્રીએ બળવો કરી પક્ષમાંથી રાજીનામુ આપવાની સાથે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.આ સાથે જ પાલીતાણા ભાજપ પ્રમુખ સહિત અનેક આગેવાનોએ પક્ષમાંથી રાજીનામા આપી દીધા છે.

# ‘રાજનિતીમાં લાંબી રેસના ઘોડા’ : ગુજરાતમાં હાર્દિક, જીજ્ઞેશ અને અલ્પેશ, દિલ્હીમાં કનૈયો

## હાર્દિક એવો ચંચળ યુવા છે કે જેણે બે રાષ્ટ્રીય પાર્ટીઓના લિડરોને નચાવ્યા છે

ભાજપના નેતા નરેન્દ્ર મોદી ગુજરાત થી દિલ્હી પહોંચ્યા ત્યારે તેમને પહેલો સામનો આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલથી કરવો પડ્યો હતો. આજે પણ કેજરીવાલ ભાજપ અને કોંગ્રેસ માટે માથાનો દુખાવો છે. લોકપાલના આંદોલનના પ્રણેતા રાજકારણમાં આવી ગયા છે.

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના કનૈયા કુમાર પણ સ્પષ્ટ વક્તા તરીકે દેશભરમાં મશહૂર બન્યા છે. બિલકુલ ફ્રીડમમાં માનતા કનૈયાકુમારે જાહેર કર્યું છે કે તેઓ લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી લડશે. જો તેઓ લડશે તો ડેફિનેટલી જીતી શકે છે. ગુજરાતમાં પણ હાર્દિક પટેલ માટે એવું છે. હાર્દિક જો વિધાનસભાની ચૂંટણી લડે તો તે જીતી જાય તેમ છે.

ગુજરાતમાં હાર્દિક પટેલની જેમ જીજ્ઞેશ મેવાણી અને અલ્પેશ ઠાકોર તેમના સમાજમાં યુવા નેતાઓ બનીને બહાર આવ્યા છે. આપણે ગુજરાતમાં જોયું છે કે એલડી એન્જીનિયરીંગ કોલેજે અનેક નેતાઓ આપ્યા છે અને તેઓ ભાજપ અને કોંગ્રેસમાં વિચારધારાને અનુરૂપ ગોઠવાઈ ગયા છે. ફાયરબ્રાન્ડ નેતાઓની આજે રાજકારણમાં સખ્ત આવશ્યકતા છે. લોકોને ભેગા કરવા રૂપિયા નહીં આત્મવિશ્વાસ હોવો જોઈએ તેવું આ ત્રણેય ગુજરાતી યુવા નેતાઓ માને છે.

આજે ગુજરાતમાં વિધાનસભાની એરણ પર ભાજપની પ્રતિષ્ઠા દાવમાં મૂકાઈ છે ત્યારે હાર્દિક પટેલ એવો યુવા લિડર બન્યો છે કે જેની સભાઓમાં પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીની સભાઓ જેટલી અથવા તો તેમનાથી વધારે પબ્લિક જોવા મળે છે. ચૂંટણી દરમ્યાન હાર્દિક ગુજરાતભરમાં સભાઓ કરી રહ્યો છે અને તે બધી સફળ થાય છે. જો તે કોઈ રાજકીય પાર્ટીમાં જોડાય નહીં તો તેનું સમાજમાં બહુ મોટું વજન પડશે.




કેન્દ્રિય જળ સંસાધન મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા ઉમા ભારતીએ ગુજરાતમાં એક મહત્વપૂર્ણ ફેક્ટર બની ચૂકેલા હાર્દિક પટેલની તાજેતરમાં પ્રશંસા કરી હતી અને તેને એક રાજકીય ભવિષ્યની સલાહ પણ આપી છે. તેમણે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના સ્ટૂડન્ડ યુનિયનના પૂર્વ પ્રેસિડન્ટ કનૈયા કુમારના પણ વખાણ કર્યા હતા. તેમણે હાર્દિક અને કનૈયાને ‘ફાઈટર્સ’ કહ્યા હતા.

ઉમા ભારતીએ કહ્યું હતું કે, ‘હાર્દિક એક સારો છોકરો છે. તે નાની ઉંમરનો છે અને ઘણી બહાદૂર પ્રવૃત્તિનો છોકરો છે. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તો ગુજરાતનું ગૌરવ છે. જ્યારે બીજા પ્રદેશના હોવા છતાં ઉત્તર પ્રદેશના લોકોએ મોદીને પૂરો સાથ આપ્યો અને આટલી શાનદાર જીત આપી, તો ગુજરાતમાં તો તે ભારે બહુમતીથી જીતશે. રાજકીય દ્રષ્ટિએ મોદીના મુકાબલો કરવો હાર્દિક માટે મુશ્કેલ હશે.’

તેમણે હાર્દિકને સલાહ આપી કે, ‘હાર્દિકે પાટીદારોને અનામતની પોતાની લડાઈ જાળવી રાખવી જોઈએ. તેણે હાલમાં રાજકારણ કરવાથી બચવું જોઈએ. તે પોતાના આંદોલનને અત્યારે જેટલો બિન-રાજકીય રાખશે, તે એટલો જ મજબૂત થતો જશે.’ ઉમા ભારતીએ કનૈયા કુમારને સારો લડવૈયો જણાવતા કહ્યું કે, ‘હું કનૈયા કુમારને મોનિટરિંગ કરી રહી છું. તે સારો ફાઈટર છે. તેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કોઈ કોમેન્ટ નથી કરી.’

ગુજરાતમાં હાર્દિક પટેલ ઉપરાંત જીજ્ઞેશ મેવાણી એ દલિત યુવા નેતા તરીકે ઉભર્યો છે. ભાજપના દલિત મતોમાં ભાગલા પડાવનારા જીજ્ઞેશ મેવાણી હાલ કોંગ્રેસના સમર્થનમાં છે. બીજા એક યુવા નેતા અલ્પેશ ઠાકોર છે. ઠાકોર સેનાના કન્વિનર અલ્પેશની ફાઈટર તરીકેની કારકિર્દી હાર્દિક પટેલની સાથે શરૂ થઈ હતી. બે વર્ષમાં ત્રણ નેતાઓ ગુજરાત સરકાર અને કોંગ્રેસને હંફાવે છે. ક્રાઉડ ભેગું કરીને અચ્છુ પ્રવચન કરી જાણે છે. ભાજપ કે કોંગ્રેસના ભાગ્યેજ કોઈ એવા નેતા હશે કે જેઓ આવું તેજાબી પ્રવચન કરી શકતા હોય અને જો હોય તો તેમને આગળ આવવાનો મોકો મળ્યો નથી.

## દિલ્હીમાં કનૈયાકુમાર ફાયરબ્રાન્ડ નેતા તરીકે ઉભરી રહ્યા છે, ચેતવા જેવું ખરૂં : પાંચ વર્ષ પછી આવતી ચૂંટણીઓમાં આ યુવા નેતાઓએ જીત પાક્કી કરી લીધી